સંયુક્ત પ્રેસ રિલીઝ: વિદેશ સચિવ શ્રી વિક્રમ મિશ્રીની નેપાળની સત્તાવાર મુલાકાત (04-05 નવેમ્બર 2026)

ભારતના વિદેશ સચિવ શ્રી વિક્રમ મિશ્રીએ નેપાળના વિદેશ સચિવ શ્રી અમૃત બહાદુર રાયના સૌહાર્દપૂર્ણ આમંત્રણ પર 04-05 નવેમ્બર 2026 દરમિયાન નેપાળની મુલાકાત લીધી.

2. મુલાકાત દરમિયાન, ભારતના વિદેશ સચિવે નેપાળના માનનીય પ્રધાનમંત્રી શ્રી બલેન્દ્ર શાહ સાથે મુલાકાત કરી અને ભારતના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી તરફથી શુભેચ્છાઓ પાઠવી. ભારતના વિદેશ સચિવે દ્વિપક્ષીય સહયોગના વિવિધ ક્ષેત્રોમાં વ્યાપક આદાનપ્રદાન અને એકંદર પ્રગતિનો ઉલ્લેખ કર્યો તથા નેપાળના પ્રધાનમંત્રીની ભારતની આગામી મુલાકાતના સંદર્ભમાં સંભવિત પરિણામો અને નવી પહેલો અંગે ચર્ચા કરી.

3. વિદેશ સચિવે નાણાં મંત્રી માનનીય શ્રી સ્વર્ણિમ વેગલ, વિદેશ મંત્રી માનનીય શ્રી શિશિર ખાનાલ, ઊર્જા, જળ સંસાધન અને સિંચાઇ મંત્રી માનનીય શ્રી વિરાજ ભક્ત શ્રેષ્ઠ તથા માળખાગત વિકાસ મંત્રી માનનીય શ્રી સુનીલ લમસાલ સાથે મુલાકાત કરી.

4. બંને દેશોના વિદેશ સચિવોએ 04 નવેમ્બર 2026 ના રોજ પ્રતિનિધિમંડળ સ્તરની મંત્રણાઓ યોજી હતી, જે દરમિયાન તેમણે વિવિધ ક્ષેત્રોમાં ચાલી રહેલા સહયોગની સમીક્ષા કરી હતી અને ભારત તથા નેપાળ વચ્ચેની પરસ્પર લાભદાયી ભાગીદારીને વધુ મજબૂત બનાવવાના માર્ગો અંગે ચર્ચા કરી હતી.

5. વિદેશ સચિવે સંસદસભ્યોના એક જૂથ સાથે પણ સંવાદ કર્યો હતો, જેમાં ભારત-નેપાળ સંસદીય મૈત્રી જૂથના સભ્યો તથા નેપાળની આંતરરાષ્ટ્રીય સંબંધો અને પર્યટન અંગેની સંસદીય સમિતિના સભ્યોનો સમાવેશ થાય છે.

6. વિવિધ બેઠકો દરમિયાન, નેપાળના નેતૃત્વએ રસુવા-ભોટેકોશીમાં આવેલા પૂર બાદ ભારત દ્વારા પૂરી પાડવામાં આવેલી ઝડપી અને નોંધપાત્ર માનવતાવાદી તથા તકનીકી સહાય બદલ આભાર વ્યક્ત કર્યો હતો. બંને પક્ષોએ તાજેતરના સમયમાં દ્વિપક્ષીય સહયોગના પરંપરાગત રીતે મજબૂત ક્ષેત્રોમાં વધતા આદાનપ્રદાન પર સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમાં વેપાર અને વાણિજ્ય, વિકાસ ભાગીદારી, જળવિદ્યુત, ભૌતિક સંપર્કસુવિધા, સરહદ વ્યવસ્થાપન, ઊર્જા અને લોકોથી લોકોના પરસ્પર સંબંધોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, સ્ટાર્ટઅપ્સ, ડિજિટલ સંપર્કસુવિધા, એઆઇ અને રમતગમત સહિત સહયોગના નવા ક્ષેત્રો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. તેમણે દ્વિપક્ષીય ભાગીદારીના સર્વાંગી સુધારા માટે તેમની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી.

7. ભારતના વિદેશ સચિવની આ મુલાકાત બંને દેશો વચ્ચે મિત્રતા અને સહયોગના ગાઢ દ્વિપક્ષીય સંબંધોને વધુ આગળ વધારવા માટે નિયમિત ઉચ્ચ સ્તરીય આદાનપ્રદાનની પરંપરાને આગળ ધપાવે છે.

કાઠમંડુ

05 નવેમ્બર, 2026